# બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર

## તા.૧૩/૦૪/૨૦૨૫ ના રોજ યોજાયેલ લેખિત પરીક્ષા પેપર-૧ ગુણ જાહેર કરવા બાબત

(૧) તા.૧૮/૦૪/૨૦૨૫ નારોજ પેપર-૧ની Provisional Answer Key જાહેર કરવામાં આવેલ અને જે કોઇ ઉમેદવારોને વાંધા / રજુઆત હોય તો તા.૨૧/૦૪/૨૦૨૫ ના કલાકઃ ૧૭.૦૦ વાગ્યા સુધીમાં વાંધા / રજુઆત ઓનલાઇન મંગાવવામાં આવેલ.

(૨) મળેલ તમામ વાંધાઓ / રજુઆતોની ચકાસણી વિષય નિષ્ણાંત મારફતે કરાવવામાં આવેલ છે. આ ચકાસણી બાદ તા.૧૮/૦૪/૨૦૨૫ નારોજ જાહેર કરેલ Provisional Answer Key માં પ્રશ્ન નંબરઃ ૮૦ રદ કરેલ હતો તે ઉપરાંત Final Answer Key માં સુધારો કરી પ્રશ્ન નંબરઃ ૪૩ અને પ્રશ્ન નંબરઃ ૮૪ રદ કરવામાં આવેલ છે. Final Answer Key જોવા માટે અહીં કલીક કરો.....

(3) Final Answer Key માસ્ટર સેટ પ્રશ્નપત્ર મુજબ મૂકવામાં આવેલ છે. રદ કરેલ પ્રશ્ન દીઠ હાજર રહેલ તમામ ઉમેદવારોને ૧ (એક) ગુણ મળવાપાત્ર રહેશે. જે અંગે તમામે નોંધ લેવી.

(૪) તા.૧૩/૦૪/૨૦૨૫ નારોજ લેવામાં આવેલ લેખિત પરીક્ષામાં પેપર-૧ માં હાજર રહેલ ઉમેદવારે પોતાના ગુણ જોવા માટે અહીં કલીક કરો....

(૫) પો.સ.ઇ. કેડર તા.૦૭.૦૩.૨૦૨૪ના પરીક્ષા નિયમોમાં Exam Rules 2024, Rule No.(20) મુજબ લેખિત પરીક્ષાના પેપર-૧ માં હાજર રહેલ ઉમેદવારોને ગુણ ચકાસણી (રીચેકીંગ) માટે ૧૫ (પંદર) દિવસની સમય-મર્યાદા આપેલ છે. જે ઉમેદવારો પોતાના લેખિત પરીક્ષાના પેપર-૧ની OMR Sheet નું રીચેકીંગ કરાવવા ઇચ્છતા હોય તે ઉમેદવારોએ (૧) રીચેકીંગ ફી ના **રૂ. ૫૦૦/- "CHAIRMAN GUJARAT POLICE RECRUITMENT BOARD" ના નામનો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડીમાન્ડ ડ્રાફટ Payable at GANDHINAGAR** (૨) કોલલેટરની ઝેરોક્ષ નકલ (૩) અરજી (જેમાં ઉમેદવારે પોતાનું નામ, કન્ફર્મેશન નંબર, રોલ નંબર, પ્રશ્ન પુસ્તીકા કોડ અને મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવાનું રહેશે) સાથે **તા. ૦૧/૦૫/૨૦૨૫ થી તા. ૧૫/૦૫/૨૦૨૫ સુધીમાં રૂબરૂમાં અથવા સ્પીડ પોસ્ટ/કુરીયર ધ્વારા ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરિતા ઉધાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર -૩૮૨૦૦૭ સરનામે અરજી મોકલી શકાશે. (અન્ય રીતે મળેલ અરજી કે તા.૧૫/૦૫/૨૦૨૫ બાદ જો કોઇ અરજી મળશે તો તે ધ્યાને લેવાશે નહીં)**

**ખાસ નોંધઃ**

(૧) લેખિત પરીક્ષા દરમ્યાન દરેક વર્ગખંડમાં ઉપયોગ કરવામાં આવેલ CCTV કેમેરા રેકોર્ડીંગની ચકાસણીમાં જો કોઇ ગેરરીતી માલુમ પડશે તો સબંધિત ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે.

(૨) તદ્ઉપરાંત સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઇપણ ઉમેદવારે, કોઇપણ તબકકે ગેરરીતી આચરેલ હોવાનું ધ્યાને આવશે અથવા પરીક્ષાના નિયમ વિરૂધ્ધ કોઇ કાર્યવાહી કરેલ હશે તો તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૩) સરકારશ્રી / નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૪) પો.સ.ઇ. કેડર તા.૦૭.૦૩.૨૦૨૪ના પરીક્ષા નિયમોમાં Appendix III (see rules 8(5) and 9) માં 2nd Stage: Main Examination PART-B PAPER-2 ના મુદદા નંબર-૪ **“The evaluation of Paper-2 GUJARATI and ENGLISH LANGUAGE SKILL (DESCIPTIVE) shall be made only for those candidates who score minimum 40 per cent. Qualifying marks in PART-A and PART-B of PAPER-1 GENERAL STUDIES (MCQ) separately.” મુજબ કાર્યવાહી કરવામાં આવશે** જે અંગે તમામે નોંધ લેવી.